# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મેહતા** વાંચે છે.

************************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રાધ્યક્ષ વચ્ચેની વાતચિતમાં વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા ચર્ચા.**
2) **ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને શ્રીલંકામાં ભારતીય આવાસ પ્રોજેક્ટ હેઠળ બાંધવામાં આવેલા ઘરોની મુલાકાત લીધી.**
3) **રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે રિયાધમાં ઉર્જા અને ઇંધણ અંગેની ચર્ચા કરી.**
4) **જમ્મુ કાશ્મીરના ઉધમપુરમાં બસ અકસ્માતમાં પંદરના મોત; રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું.**
5) **IPLમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ડેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને મુંબઇ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM SOUTH KOREA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાલમાં નવી દિલ્હીમાં દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ સાથે વાતચીત કરી રહ્યા છે. બંને નેતાઓ વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવાના માર્ગો પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. વાતચીત પછી અનેક સમજૂતી કરારો પર હસ્તાક્ષર થવાની સંભાવના છે.

આ પહેલા, દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિનું આજે સવારે રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ આ પ્રસંગે હાજર રહ્યા હતા. રાષ્ટ્રપતિ લી અને તેમના પત્ની કિમ હીઆ ક્યુંગે પણ રાજઘાટ પર પુષ્પાંજલિ અર્પણ કરીને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.

# VP-SRI LANKA VISIT

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન શ્રીલંકાની તેમની બે દિવસીય મુલાકાત અઁતર્ગત આજે સવારે નુવારા એલિયા પહોંચ્યા, જ્યાં સ્થાનિક સમુદાય દ્વારા તેમનું પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું. તેમની મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિએ ભારતીય આવાસ પ્રોજેક્ટ હેઠળ બાંધવામાં આવેલા ઘરોની મુલાકાત લીધી, જે શ્રીલંકામાં ભારતીય મૂળના તમિલ સમુદાય માટે રહેવાની સ્થિતિમાં સુધારો લાવવાના હેતુથી એક મુખ્ય પહેલ છે. તેમણે સમુદાયના સભ્યો સાથે પણ વાતચીત કરી, તેમના અનુભવો અને ચિંતાઓ સાંભળી.

ગઈકાલે, ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે અને  પ્રધાનમંત્રી હરિની અમરસુરિયા સાથે લંબાણપર્વકની વાટાઘાટો કરી, દ્વિપક્ષીય સહયોગમાં સહિયારી પ્રાથમિકતાઓની પુષ્ટિ કરી.

# AJIT DOVAL -RIYADH VISIT

વર્તમાન વૈશ્વિક પરિસ્થિતી વચ્ચે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ ગઈકાલે રિયાધ પહોંચ્યા હતા, આ મુલાતનો મુખ્ય ઉદ્દેશ્ય સુરક્ષા સહયોગને મજબૂત બનાવવા, ઊર્જા સ્થિરતા સુનિશ્ચિત કરવા અને પ્રાદેશિક વિકાસની સમીક્ષાનો છે.

કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સાઉદી અરેબિયામાં ભારતના રાજદૂત સુહેલ અજાઝ ખાન અને સાઉદી રાજકીય બાબતોના નાયબ પ્રધાન સઉદ અલ સતી દ્વારા ડોભાલનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન, ડોભાલે સાઉદી ઉર્જા મંત્રી પ્રિન્સ અબ્દુલઅઝીઝ બિન સલમાન, વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર ડૉ. મુસૈદ બિન મોહમ્મદ અલ ઐબાન સાથે મુલાકાત કરી હતી. હાલની સ્થિતીમાં ઇંધણનો પુરવઠો યોગ્ય રીતે જળવાય તે અઁગેની ચર્ચા કરવામાં આવી હતી.

# RIJIJU WOMEN BILL

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે કહ્યું કે મહિલા અનામત બિલને અવરોધવા બદલ વિપક્ષને પરિણામો ભોગવવા પડશે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી રિજિજુએ આકરો સવાલ કરતાં કહ્યું કે શું બિલની નિષ્ફળતા પાછળ જવાબદાર લોકોને સજા થવી જોઈએ કે નહીં. તેમણે સરકારની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો અને કહ્યું કે સરકાર આ સંદર્ભમાં પ્રયાસો ચાલુ રાખશે.

**(BYTE: KIREN RIJIJU)**

# ELECTION COMMISSION – WB

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે મતદારોના આંકડા જાહેર કર્યા છે. સત્તાવાર આંકડા મુજબ, પ્રથમ તબક્કામાં 3 કરોડ 60 લાખ 77 હજાર 171 મતદારો મતદાન કરી શકશે . તેમાંથી 1 કરોડ 84 લાખ 99 હજાર 496 પુરુષ મતદારો, 1 કરોડ 75 લાખ 77 હજાર 210 મહિલા મતદારો અને 465 અન્ય મતદારો છે. ટ્રિબ્યુનલ દ્વારા લાયક મતદારોની અંતિમ યાદી સબમિટ કર્યા પછી આ આંકડાઓમાં સુધારો કરવામાં આવશે.

# UDHAMPUR ACCIDENT

જમ્મુ અને કાશ્મીરના, ઉધમપુર જિલ્લામાં એક બસ અકસ્માતમાં 15 લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઇજાગ્રસ્ત થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના રાજનગર-ઉધમપુર રોડ પર જાલો ગામ નજીક બની હતી.

જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા અને પ્રધાનમંત્રી કાર્યાલયમાં કેન્દ્રીય રાજ્યમંત્રી અને કઠુઆ-ઉધમપુરના લોકસભા સાંસદ જીતેન્દ્ર સિંહે જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું છે અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી છે. ડૉ. સિંહે કહ્યું કે રામનગરથી ઉધમપુર જતી જાહેર પરિવહન બસ સાથે થયેલા કરુણ અકસ્માત વિશે જાણ્યા પછી તરત જ તેમણે ઉધમપુરના ડેપ્યુટી કમિશનર સાથે વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે બચાવ કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી છે અને શક્ય તમામ સહાય પૂરી પાડવામાં આવી રહી છે. મંત્રીએ કહ્યું કે તેઓ સ્થાનિક વહીવટીતંત્ર તેમજ સ્થાનિક ટીમો સાથે સતત સંપર્કમાં છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આ અકસ્માત અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા પર સુશ્રી મુર્મૂએ આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવાર પ્રત્યે શોક અને સંવેદના વ્યક્ત કરી છે. સાથે જ તેમણે ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ સોશિયલ મીડિયા સંદેશ મારફતે અકસ્માતમાં જીવ ગુમાવનારાઓ પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી. તેમણે ઇજાગ્રસ્તોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી. ઉપરાંત શ્રી મોદીએ મૃતકના પરિવારજનોને પ્રધાનમંત્રી, રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી 2 લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય જાહેર કરી હતી.

# TN-DEATH TOLL

તમિલનાડુમાં, વિરુધુનગર જિલ્લામાં ફટાકડાની ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં મૃત્યુઆંક 25 પર પહોંચી ગયો છે. જ્યારે મજૂરો વિસ્ફોટક રસાયણોનો ઉપયોગ કરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી . રાત્રે કાટમાળ સાફ કરતી વખતે થયેલ બીજા વિસ્ફોટમાં બાર લોકો ઘાયલ થયા હતા. જેમાં ફાયર અને રેસ્ક્યુ વિભાગ અને પોલીસના કેટલાક કર્મચારીઓ પણ ઘાયલ થયા હતા. મૃત્યુ પામેલા લોકોમાં 22 મહિલાઓ અને 3 પુરુષો હતા.

આ માટે IAS ગવિન્દ રાવના અધ્યક્ષપદ હેઠળ એક તપાસ પંચની રચના કરવામાં આવી છે. વિરુધુનગરના જિલ્લા કલેકટર સુબાપુત્ર અને પોલીસ અધિક્ષક શ્રી નાથ પણ તપાસપંચનો ભાગ છે. અધિકારીઓએ વિરુધુનગર સરકારી હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ED SEARCHES - BENGALURU

કર્ણાટક કોંગ્રેસના ધારાસભ્ય એન.એ. હેરિસના પુત્રો મોહમ્મદ હરિસ નાલાપડ અને ઓમર ફારૂક નાલાપડના નિવાસસ્થાનોનો સહિત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) કર્ણાટકના 12 પરિસરમાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યું છે. EDના સૂત્રોએ જણાવ્યું હતું કે સર્ચ ઓપરેશન શ્રીકૃષ્ણ ઉર્ફે શ્રીકી અને અન્ય આરોપીઓ સાથે સંકળાયેલા કેસના સંદર્ભમાં છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, કર્ણાટક પોલીસ દ્વારા દાખલ કરાયેલી અનેક FIR અને ચાર્જશીટના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વેબસાઇટ્સ હેકિંગ, બિટકોઇનની ચોરી, ખંડણી અને નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, 1985 ના ઉલ્લંઘનનો સમાવેશ થાય છે.

તપાસમાં સંકેત મળ્યો છે કે મોહમ્મદ હરિસ નાલાપડ અને ઓમર ફારૂક નાલાપડ શ્રીકૃષ્ણ રમેશના નજીકના સહયોગીઓ છે અને ગુનામાંથી મળેલી રકમના મુખ્ય લાભાર્થીઓમાંના એક છે. વધુ તપાસ ચાલી રહી છે.

# LOUISIANA KILLING

લ્યુઇસિયાનાના શ્રેવપોર્ટમાં થયેલા ગોળીબારમાં આઠ બાળકોના મોત થયા છે. પોલીસે આ ઘટનાને આંતરિક અશાંતિ ગણાવી. પોલીસે જણાવ્યું કે ગઈકાલે વહેલી સવારે એક બંદૂકધારી અનેક ઘરોમાં ગોળીબારી કરી નાસી છૂટ્યો હતો. અધિકારીઓએ પાછળથી શંકાસ્પદનો પીછો કરીને તેને ઠાર કર્યો હતો.

તપાસ એજન્સીઓ દ્વારા આ ઘટનાની તપાસ ચાલી રહી છે.

# DAY IPL

ઇંડિયન પ્રીમિયર લીગ IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સ આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મુંબઈ ઇન્ડિયન્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

અગાઉ, પંજાબ કિંગ્સે ગઈકાલે રાત્રે ચંદીગઢમાં લખનૌ સુપર જાયન્ટ્સ પર 54 રનથી વિજય મેળવ્યો હતો. પંજાબ સાત વિકેટ ગુમાવીને 254 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરતા, લખનૌ સુપર જાયન્ટ્સ નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે માત્ર 200 રન જ બનાવી શક્યું હતું.

ગઈકાલે અન્ય મેચમાં, યજમાન કોલકાતા નાઈટ રાઇડર્સે ઇડન ગાર્ડન્સ ખાતે રાજસ્થાન રોયલ્સને ચાર વિકેટથી હરાવીને આ સિઝનમાં ટુર્નામેન્ટમાં પોતાની પહેલી જીત નોંધાવી હતી.

# EXERCISE DUSTLIK 2026

ભારત-ઉઝબેકિસ્તાન સંયુક્ત લશ્કરી કવાયત DUSTLIK 2026 ની સાતમી આવૃત્તિ ઉઝબેકિસ્તાનના નમનગન ખાતે ગુરુમસરાય ફિલ્ડ ટ્રેનિંગ એરિયા ખાતે યોજાઈ રહી છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ કવાયતનો ઉદ્દેશ્ય અર્ધ-પર્વતીય પ્રદેશમાં આંતર-કાર્યક્ષમતા અને સંયુક્ત કાર્યકારી ક્ષમતા વધારવાનો છે, જેમાં ખાસ શસ્ત્ર કૌશલ્ય અને ગેરકાયદેસર સશસ્ત્ર જૂથો સામે વિશેષ કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, કવાયત દરમિયાન, બંને ટુકડીઓના સૈનિકોએ ક્ષેત્ર પરિચય, તકનીકો અને પ્રક્રિયાઓ, પિસ્તોલ ફાયરિંગ, UAV એપ્લિકેશન અને કાર્યકારી તૈયારી સહિત અન્ય પ્રવૃત્તિઓ હાથ ધરી છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં, આ કવાયત અર્ધ-પર્વતીય પ્રદેશમાં વધુ જટિલ સંયુક્ત મિશન તરફ આગળ વધવાની અપેક્ષા છે. આ કવાયત ભારતીય સેના અને ઉઝબેકિસ્તાન સેના વચ્ચે સંકલન અને કાર્યકારીતાને વધુ ગાઢ બનાવશે. ઉલ્લેખનીય છે કે, આગામી 25મી એ પૂર્ણ થશે.